ॐ

બ્રહ્મવાદ ખંડન.

દોહરો

બ્રહ્મજ્ઞાન તે સત્ય છે, જુઠો છે બ્રહ્મવાદ,
વાંચો તે જન વાંચતાં, પુર્ણ રાખવું યાદ.

કર્તા

પરબ્રહ્મનીષ્ટ વ્યાસજી વલ્લભરામ સુર્યરામ.
મુ. અમદાવાદ રાયપુર પખાલીની પોળ.

પરોપકારાર્થે પ્રસીદ્ધ કર્તા

મોક્ષમાર્ગી છગનભાઈ ડાહ્યાભાઇ.
મુ. ભેસ્તાન, જી. સુરત; તા. ચોર્યાસી.

તથા

મોક્ષમાર્ગી દેવજીભાઇ નાથુભાઇ.
મુ. હલધર, તા બારડોલી, જી સુરત.

અમદાવાદ-સલાપોસરોડ,
ધી "ડાયમડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

આવૃતી ૨ જી. પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૭૯. સને ૧૯૨૩.

કીમત ૪ આના.

બ્રહ્મવાદ ખંડન.

અરે મનુષ્યભાઇઓ હાલ કળયુગના આગ્રણે કરીને ધર્મના કામમાં બુદ્ધી, વ્રત્તી, સમજણ ને રીતભાત અવળી થઇ ગઇ છે. કેમકે યથા રાજા તથા પ્રજા (એટલે જેવો રાજા તેવી પ્રજા) તે કોઇના સમજવામાં આવતું નથી. કારણ કે કળીના રાજ્યને આગ્રણે કરીને ધર્મની બાબતમાં જે જે કામ થાય છે તે અવળું છતાં સવળું લાગે છે. પણ ન્યાયે કરીને જોતાં તે અવળું જ થાય છે જેમકે તુળશી પરણાવવી તેને લોકો ધર્મ માને છે. પણ તે કેવળ અધર્મ છે. જુવો કે તુળશીનું વિષ્ણુ સાથે લગ્ન થયું નથી વળી આપણ તે તુળશીને 'મા' કહીએ છીએ ને પાછા તે માને પરણાવીએ છીએ. એ રીતે ધર્મમાં અધર્મ ઘણા થાય છે. એજ રીતે કળીયુગના રાજ્યના આગ્રણે કરીને સત્ય ત્રેતા ને દ્વાપર કરતાં ઉલટાં આગ્રણો ધર્મોને વિષે આવવાં લાગ્યાં છે. તેમાં બ્રહ્મવાદનું આગ્રણ આજકાલમાં ઘણું આવ્યું છે. તે કેવળ ખોટું છે. જુઠું છે. તેમ તે કળીના પ્રપંચનું રચેલું છે. તે વીશે આ લઘુ પુસ્તક પુર્ણ વાંચીને ન્યાય નીતિ વિવેકમાં સંભવિત ભાસે તેવું જોઇ લેવા માહારી ભલામણ છે. કેમકે આ અમુલ્ય મુનષ્યાદેહ વારંવાર મળતો નથી. માટે વાંચીને વિચારો. જુઓ કે દલપતરામ કવિએ એક કવિતામાં કહ્યું છે કે:—

વાંચે પણ નહી કરે વિચાર;
તે સમજે નહી સઘળો સાર.

અર્થ—વાંચનારો વાંચીને વિચાર ન કરે તેના સમજવામાં સઘળોને સવળો સાર આવે નહી. માટે આ વિશય ભાવાર્થ પ્રકાસ નામના ગ્રંથમાં છતાં આ થોડો ભાગ જુદો કહાડી બાહાર પાડવો પડયો છે. તે પુર્ણ વાંચી વિચારમાં લ્યો. આમાં ગદય પદને કવિતા છે તે તમામ વાંચી જુઓ. તે ઉપરથી વિચારવંતને બહુજ વિચાર આવી સત્ય અસત્ય ની ખબર પડશે.

પદ ૧ લું.

રામ વીચાગનો રાગ.

બોલ્યું પાળ્યું કળજુગડા તેં ચલાવ્યો તારો પંથ, ટેક.
પરીક્ષત તથા નળરાયને, તેં કહ્યું હતું વૃતંત;
કુપથ પળાવું વીશ્વને તેં, તેવું કર્યું અત્યંત બો. ॥ ૧ ॥
ભજન ભુલાવું બ્રહ્મ બનાવું, સૌને હલંત ચલંત;
તારા ભુલાવ્યા ભુલીયા, બ્રાહ્મણ સાધુ ને સંત. બો. ॥ ૨ ॥
બ્રહ્મવાદનો આચાર્ય તું, તારી લીલા અનંત;
છતે લોચને આંધળા તેં; બનાવ્યા વીદયાવંત. બો. ॥ ૩ ॥
પરોક્ષ પ્રભુને મેલીયા, અપ્રોક્ષનો લીધો અંત;
પણ તારો તાણ્યો તણાયનાએ, વલ્લભની ખરી ખંત. બો. ॥ ૪ ॥

પદ ૨ જું.

કળીએ પંથ પસારીઓ જો, કરણી તેહ તણી. ટેક.
કળયુગ કેરા રાજ્યમાં, બહુ બેઠા બ્રહ્મ બની;
અર્થના અનર્થ બહુ કર્યા, વીદ્વાનોએ વેદ ભણી. ક. ॥ ૧ ॥
અહં બ્રહ્માસ્મી વેણ વેદનું, શઠોએ લીધું શણી;
તે વેણ પોતાનું માનીને, થઈ બેઠા આપ ધણી. ક. ॥ ૨ ॥
વેદ વચનને વ્યાકરણે, નાંખ્યાં છેક છણી,
વીભક્તિઓ વળગાડીને, વણવાતની વાત વણી. ક ॥ ૩ ॥
કળીનું કહ્યું સાચુ થયું, હરી ભજન નાંખ્યું હણી;
જોઈ કાળીગરી કળીની, થઈ વ્યાસને ચીંતા ઘણી. ક. ॥ ૪ ॥

પદ ૩ જું.

રાગ સામેરીઢાંઢી

જો લ્યા વીદ્વાન, દેઈ ધ્યાન, કાયા મળી કયાંથી;
હતો બ્રહ્મ ભુપ, માયા કુપ, પડયો તેમાં શાથી. ॥ ૧ ॥
જાણ્યો વડો વેદ, જાણ્યો ન ભેદ, બ્રહ્મ થૈને બેઠો;
કળી તણું કર્મ, નાસ્તીક ધર્મ, પન્ડે તેમાં પેઠો. ॥ ૨ ॥

થઇ ગયા ભ્રષ્ટ, વ્હેવાર નષ્ટ, કરી કાયા બોળી,
સૌ બ્રહ્મ કહી, મેલ્યો નહી, કોઇ કુંજરો કોળી. ॥ ૩ ॥
વગર સોધે, કલ્પીત બોધે, કર્યા ચેલા ચેલી;
પંચ ભુત કાય, ભેળી થાય, કહી કોય ન મેલી. ॥ ૪ ॥
તુને ધીક ધીક, મુકી બીક, મારે ફાવતો ફેરો;
વદે મુખ વ્યાસ, કરી કયાસ, એ પંથ કળીકેરો. ॥ ૫ ॥

પદ ૪ થું.

કરે બ્રહ્મવાદ, એ ઉફાંદ, જુઓ કળી કેરી;
કેછે કે આ જીવ, છે સો શીવ, ચાલ્યું ચોટા શેરી. ॥ ૧ ॥
થયું અજ્ઞાન, ભુલ્યો ભાન, સ્વ સ્વરૂપ તણું;
બને જેહ કર્મ મનનો ધર્મ, આત્મા સાક્ષી ભણું. ॥ ૨ ॥
ચૈતન્ય શુદ્ધ, તેથી બુદ્ધ, થાય ચૈતન્ય અતિ;
કરે ઘણાં કામ, ઠામો ઠામ, આત્મા લેપાતો નથી. ॥ ૩ ॥
જુઠે આ જગ્ત, કરયું અભક્ત, પાપી પુરો પેઠો;
વદે મુખ વ્યાસ, પામી ત્રાસ, શું બ્રહ્મ બની બેઠો. ॥ ૪ ॥

પદ ૫ મું.

બ્રહ્મ સર્વજ્ઞ, તું અલ્પજ્ઞ, મગ્ન થાયે શાનો;
ઓ હરામખોર, હરીના ચોર, પ્રભુ પરોક્ષ માનો. ॥ ૧ ॥
સર્વજ્ઞ સત્તાય, હોય તું માંય, તો તે કાઢને શોધી;
નહીતો વીરોધ, તારો બોધ, મુકી દેને ઓધી. ॥ ૨ ॥
વ્યાપક બ્રહ્મ, નથી તું કયમ, હોય તો કહું તે ધારે;
સ્થુળનો તું જાણ, વદ વાણ, કેશ કેટલા તારે. ॥ ૩ ॥
ન જાણે એ વાત, તો જીવ જાત, સમજ સાચે સાચું;
ધણી થૈશ આપ, બાંધીશ પાપ, બાળ તારૂં ડાચું. ॥ ૪ ॥
વીચારી વિવેક, મેલી ટેક, એક શોધો ધણી;
ડાહયા થાતું દાસ, વલ્લભ વ્યાસ, શીખ દેછે ઘણી. ॥ ૫ ॥

પદ ૬ ઠું.

હું તો પ્રભુ જોવાને ગઈતી એ રાગ.

જુઓ બ્રહ્મ બનીને બેઠા છે બ્રહ્મ વાદીયોરે જુઓ. ટેક.
બ્રહ્મ બનિને બહુજન બેઠા, કળીના પંથમાં પુરણ પેઠા;
ત્યાગ પણું દરસાવી ભોગવે ગાદીયોરે. જુઓ. ॥ ૧ ॥
અહં બ્રહ્માસ્મી વચન વેદનું, સમજે તેને ભારે ભેદનું;
પણ અણ સમજુને ઉપજાવે ઉપાદીયોરે. જુઓ. ॥ ૨ ॥
ભરમાવી ભવમાં બુડાડે, મોક્ષ અમોક્ષ સમુળો ઉડાડે;
વહ્નભવદે એ કળયુગની ઉફાંદીયોરે. જુઓ. ॥ ૩ ॥

પદ ૭ મું.

જોજો અહં બ્રહ્માસ્મી કહે તે નહી બ્રહ્મ જ્ઞાનીયોરે. જોજો. ટેક.
જેમ વદે વેદ તેમ તે બોલે, મુરખના દ્રષ્ટાન્તની તોલે;
બોલ તણો તોલ કરે નહી અભીમાનીયોરે. જોજો. ॥ ૧ ॥
વેદ વચન તો વર્ણવે બ્રહ્મને, તે લાગુ નહી અમને તમને;
વગર વીચારે કબુલ કરે બે ભાનિયોરે. જોજો. ॥ ૨ ॥
સેવા સમરણ દેવું ઉડાવી, બોધ કરી દુનિયા બુડાવી;
વ્યાસ વદે એ બોધીક બહુ તોફાનીયોરે. જોજો. ॥ ૩ ॥

પદ ૮ મું.

અલ્યા બ્રહ્મવાદી મેળવીજો લક્ષણ બ્રહ્મથીરે. અલ્યા ટેક.
વેદ વદે બ્રહ્મ અંતરયામી, તે તું જો તારામાં ખામી;
યુક્તિવડે વીચારીલે શુભ શ્રમથીરે. અલ્યા. ॥ ૧ ॥
વળી વેદ મુખ એમ વદે છે, સહુશક્તિવંત બ્રહ્મ રહે છે;
ઘેલછા મુકી ગોઠવ અગમનીગમથીરે. અલ્યા. ॥ ૨ ॥
અચળીત વેદ વદે છે બ્રહ્મને, ત્રણે અવસ્થા અમને તમને;
તે વ્યાસ વીચારે છે. અનુક્રમથીરે. અલ્યા, ॥ ૩ ॥

પદ ૯ મું.

જોઇ લ્યો કળયુગે ધરમમાં ધરબોળ ઘાલીયું રે, જોઇ. ટેક.
કરમ ન કરવાં ધ્યાન ન ધરવાં, એમને એમ માન્યુ છે તરવા;
જેમ ફાવે તેમ કરવા બમ જ્ઞાન ઝાલીયું રે. જોઇ. ॥ ૧ ॥
આગળના શું ન્હોતા જ્ઞાની, કેમ રહેતા તે દાની ધ્યાની;
કળીમાં કળીએ ચલવ્યું ચેટક ચાલીયું રે. જોઇ. ॥ ૨ ॥
વેદના ભેદ બતાવ્યા અવળા, અજ્ઞાનીઓએ માન્યા સવળા;
વલ્લભ વીસ્મે થાય જગત બધું હાલીયું રે. જોઇ. ॥ ૩ ॥

પદ ૧૦ મું.

જાગ્યારે જાદવરાય એ રાગ.

અલ્યા જોઇ જોઇ જો બ્રહ્માવાદી, તેં ખોટ ખલકમાં ખાધીરે;
વેદ વચન સવળું તે અવળું સુજીયું રે.
થયા વિદ્વાન પણ અજ્ઞાની, તેં જગ બ્રહ્મ લીધું માનીરે;
અણ સમજે પુરણ પાખંડને પુંજીયું રે.
અલ્યા રજ્જુમાં સરપ ભાસ્યો, તેથી જો જીવડો ત્રાસ્યોરે;
પુરે પુરો ભય પામી તું અટકીયોરે.
વળી મ્રગ જળથી જળ જાંણ્યું, તે જળ પીવા હેત આંણ્યું રે;
પણ તરશા નવ છીપી, છેવટ લટકીયોરે. ॥ ૨ ॥
તને ભાસ્યો ઠુંઠામાં ચોર, તેથી કીધો સોરબકોરરે;
પણ ઠુંઠું જાણે તવ આગળ ચાલતોરે.
શુક્તીમાં રૂપુ ભાસે, પણ, બરોબર જવ તપાસેરે;
તવ નીરાશ વ્યાસ વદે, ઉદ્યોગ ઝાલતોરે. ॥ ૩ ॥

પદ ૧૧ મું.

અલ્યા કળયુગના બ્રહ્મવાદી, શીદ લઇ બેઠો ઉપાદીરે;
સવળું સમજ્યા વણતેં, અવળું ઝાલીયું રે. ટેક.
તને કળીયુગે બોધ કીધો, તે સવળો માનિ લીધોરે;
યુગ મહાતમથી જેમ ફાવ્યું તેમ ફાલીયું રે.

અલ્યા જગ જડ ઠુંઠુ ભાસે, ચૌર સ્થળ ચઈતન્ય તપાસીરે;
તો થાય સવળુ અવળું કહી પડે નહીરે.
મૃગ જળ સ્થળ જગ જાંણો, સત્ય જળ સ્થળ બ્રહ્મ ઉર આંણોરે.
તેવું સમજાય તવતો તું સુધર્યો સહીરે. ॥ ૨ ॥
આ દ્રષ્ટાન્તથી જો સર્વ, સવળુ સમજીને મુક ગર્વરે;
અવળે અવળું થાશે મુનશા દેહમાંરે.
માન વલ્લભની શીખ, નહીતો છેવટ માંગીશ ભીખરે;
બીક બ્રહ્મની ધરીને વશ તે સ્નેહમાંરે. ॥ ૩ ॥

પદ ૧૨ મું.

રાગ સામેરીઠીંડી.

શાનો કરે બોધ, ચડયો ક્રોધ જોધ જમડા જેવો;
વ્યાપે તને કસ, લક્ષણ દસ, જ્ઞાની હોયે તેવો ॥ ૧ ॥
શાનો જ્ઞાનવાન, છે મસ્તાન, ભાન બ્રહ્મનું ભુલ્યો;
મીથ્યા તું માલીક, હોકયું ઠીક, આ દુનીયામાં દુલ્યો. ॥ ૨ ॥
ભુલ્યો મુળ ભ્રાન્ત, જો વેદાન્ત, શાંન્ત થાને ઘણો;
પાધરો તું ચાલ, સંગ ઝાલ, વ્યાસ વલ્લભ તણો. ॥ ૩ ॥

મનહર છંદ

કળી તણી જો ઉપાધી, ઉભા કર્યા બ્રહ્મવાદી;
તેથી જગ્તે ખોટ ખાધી, મોક્ષ પદ પામતાં,
વિદ્યા તણા વાદ કરે, શાસ્ત્રાર્થે વઢીને મરે;
ભાવાર્થ સમજયા વિના ઝઘડાજ ઝામતા.
સર્વ જીવોનું બગાડયું, બ્રહ્મ કુટણું લગાડયું;
જગાડયું વિધ્યા ભણીને, ભદ્રાઓને ભામટા.
સત્ય ત્રેતા દ્વાપરમાં, ધરમે ઉજવળ હતું;
વદે વ્યાસ તેને કળી, માં લગાડી શામતા.

છપા.

કર્યો કળીએ કેર, ધરમમાં ધરબોળ ઘાલ્યું;
મોંઢાનું બ્રહ્મ જ્ઞાન, ઘણું ઘેરે ઘેર ચાલ્યું.

બહુ થઇ બેઠા બ્રહ્મ, ખરો બ્રહ્મ તે સંતાયો;
નહી પાપ નહી પુન્ય, થયો જેમ હાંઢ હરાયો.
અહંબ્રહ્માસ્મી આવડયું, એટલે બ્રહ્મ બની ગયો;
આ ઉપદેશ કળીયુગનો, વલ્લભ જોઇ વિસ્મે થયો.

થઇ ગયો છે બ્રહ્મ, અહં બ્રહ્માસ્મી કહીને;
તત્વ મસીનો બોધ, સરવ બેઠા છે લઇને.
આપ બન્યા જગરાય, પરમ પદવીના ભોગી;
મ્હોંડે કહેવું સ્હેજ, નહીતો થાક્યા યોગી.
રૂષિ મુની સરખા તરફડે, એ વારતા લ્યો તોલમાં;
વદે વલ્લભ બ્રહ્મ થઈ ફરે, અહં બ્રહ્માસ્મી બોલમાં

અહં બ્રહ્માસ્મા વેણ, વેદ નારાયણ બોલે;
તેનું કહેલું કેણ, કહિને થયા બ્રહ્મ તોલે.
બાપ કહે હું બાપ, સાંભળી સુત કહે છે;
બાપ બને તે આપ, પાપ પોતે શીર લે છે.
ન વીચારે વેદ વેણને, હું છું બ્રહ્મ કહેતા ફરે;
કરો વાદ વલ્લભ વ્યાસથી, ત્યારે તો બ્રહ્મજ ખરે.

બ્રહ્મ સદા સર્વજ્ઞ, તમે સર્વજ્ઞજ કયાં છો;
અંતરયામી બ્રહ્મ, તમે તેવા શામાં છો;
સરવે શક્તિવાન, વળી અચળીત છે એતો;
નીરંજન નીર લેપ, નિરાધાર બ્રહ્મજ તેતો
તેમાંનાં લક્ષણ એક બે, જો દેખાડો તો ખરાં;
નહી તો ભોળીયા લોકને, શીદ નાંખો ઉંડા ધરા.

કુંડળીઆ.

બ્રહ્મવાદી ભારે ભણ્યા ભણી બન્યા સહુ બ્રહ્મ;
તોલ કર્યો નહી બોલનો, બતાવીયાં પ્રાક્રમ;
બતાવીયાં પ્રાક્રમ; નથી ગમ મુળ પદ કેરી;
થયો વિદ્યાભીમાન, ગયા હંપદની શેરી.

નથી તોલ તલભાર, કરી કળીએ ઉપાદી
કે'છે વલ્લભરામ, ભણ્યા ભારે બ્રહ્મવાદી.

બ્રહ્મવાદી કળીકાળમાં, થઇ પડયા છે બ્રહ્મ;
બ્રહ્મજ્ઞાનનો બોધ દે, નથી બ્રહ્મની ગમ.
નથી બ્રહ્મની ગમ, નકામો વાદજ ઝાલ્યો;
હું તું સરવે બ્રહ્મ, કળીમા મહીમા ચાલ્યો.
કરમ ધરમમાં સુસ્ત, તેમણે યુકિત સાધી;
કે છે વલ્ભરામ, થયા ભારે; બ્રહ્મવાદી;

બ્રહ્મવાદી વિદ્યા ભણી, સોધન સોધ્યું ઠીક;
આપે ઇશ્વર થઈ પડયા મટી પાપની બીક.
મટી પાપની બીક, ધીક ધરબોળે ઘાલ્યું;
સમજ્યો નહી ભાવાર્થ, અર્થનું પુછડું ઝાલ્યું.
લ્યો વ્યાસથી વીવાદ, ત્રહીત જન રાખે ચાદી;
ન્યાયે શું પોસાય, થયા ખોટા બ્રહ્મવાદી.

બ્રહ્મવાદી બ્રહ્મ જ્ઞાનમાં, સમજે નહી કીંચિત;
વાદ; જ્ઞાન બે જુજવા, શબ્દે સમજવી રીત.
શબ્દે સમજવી રીત, ન્યાય નિતી વીવેકે;
બ્રહ્મવાદ છે જુઠ, બ્રહ્મ છે તુતંગ ટેકે.
કર્યા કળીયે કેર, નતુ એવુજ અનાદી;
કેછે વલ્લભરામ, કાંક તું જો બ્રહ્મવાદી.

મનહર છંદ.

વિવેક વિચાર વણ, વિદ્વાનોએ વાંકુ વાળ્યું;
વેદ વિદ્યા ભણી ગણી, ભમરાવ્યા પ્રાણીયા.
વેદનાં પ્રમાણઆપી, જીવ બ્રહ્મ દીધા થાપી,
ન રહયો કો પુની પાપી, ઉંચપદે આણીયા.
ચડાવી બેસાર્યા ટોચ, વરણનો નૈ સંકોચ;
એકાકાર કર્વા ધાર્યા, વિપ્ર અને વાણીયા.

કહે છે વલ્લભરામ, ઉઠયા હીરણ્યાકસ્યપ;
પેટ માટે મીઠુ બોલી, પંથમાંજ તાણીયા.

સરવને કે'છે બ્રહ્મ, તેની નથી તેને ગમ;
શ્રોતા વકતા લેછે શ્રમ, સમજમાં ભુલ છે.
વિદ્વાનો વિદ્યાના જાણુ લેછે વેદનાં પ્રમાણ;
થાળી કનકની પણ, કથીરની ઝુલ છે;
તેવું સમજ્યામાં ફેર, લખ્યું વાંચી થયા મેર;
વાસીદે સાંબેલુ ખોયું, તેવી ભુલ તુલ્ય છે.
બ્રહ્મવાદ મીથ્યા નાદ, કળીએ લગાડયો સ્વાદ;
વદે વ્યાસ બ્રહ્મ જ્ઞાન, તે અતી અમુલ્ય છે.

બ્રહ્મ તણું જ્ઞાન કોઇ, વિદ્વાનોને રતી નથી;
વિદ્યાનાં વાકયોને કથી, મથી મરે માન્યમાં.
ભરમાવે ભાષા વડે, વિદ્યાનો ગરવ ચડે;
પ્રાકત ભાષાને નડે, સંસકૃત તાનમાં.
તત્વ નથી જાંણ્યું પોતે, જ્ઞાનદાન દેશું તોતે;
નથી જાંણવું, જણાવું, લૈ બેઠા તોફાનમાં.
ભુંડું તાકયું જગતનું, ભુંડુ તાકયું ભગતનું;
ભુંડું થશે તમારૂ તે, વલ્લભનિ ધ્યાનમાં.

જગ્ત ભગ્ત સુણો સહુ, સાચો ઉપદેશ કહું;
બ્રહ્મવાદ જાણી લેજો, કળી તણી કુટ છે.
હીરણ્યાકસ્યપ ઘણા, જાગ્યા જોધ કળી તણા;
હવે તો ન રહી મણા, લાલચુનિ લુટ છે.
વિદ્યાના પ્રમાણ જે છે, અંધની જેષ્ટીકા તે છે;
જ્ઞાની જનને તો તેવી, લાકડીની છુટ છે,
ન્યાય નિતિ વિવેકથી, સંભવીત શોધી લેજો,
વદે વ્યાસ બ્રહ્મવાદ, જુઠ જુઠ જુઠ છે.

અરે મનુશભાઇઓ આ કળયુગે વિદ્વાનોમાં તથા આચાર્યોમાં પેશીને જ્ઞાન, વઇરાગ ને ભકિતનો મારગ મુકાવી પોતેજ બ્રહ્મ એટલે પરમેશ્વર છીએ એવો સીદ્ધાન્ત હાલ ઘણે ઠેકાણે પ્રસરાવ્યો છે તેમનો આ નિચે લખેલ એક છપ્પામાં સીદ્ધાન્ત કહેલો છે, તે જુઓ.

છપ્પો.

બ્રહ્મવાદનો સિદ્ધાન્ત, કહે બ્રહ્મ છે આ સર્વે;
એકો હું બહુ શ્યામ, વદે અદ્વૈત મત ગર્વે.
સકળ જગત છે બ્રહ્મ, અન્ય છું મુરખ માને;
મુળ કારણથી કાર્ય, થયેલું વિરલા જાણે.
કાર્ય તે ટળે છે એટલે, પાછું કારણ થાય છે;
ઉપાધી લેઈ જગતમાં, સૌ જુજવું જંખાય છે.

અર્થ.

બ્રહ્મવાદી એમ કહે છે કે એક બ્રહ્મ બહુ રૂપે થયેલો છે તે બ્રહ્મ એકજ છે. તેથી સર્વ જગત માત્ર બ્રહ્મ (પરમેશ્વર) છે. અને અન્ય છું જે પ્રાણી માને છે તે કેવળ મુર્ખ છે. મુળ કારણથી જગત કાર્યરૂપ થયું છે. તે કાર્ય ટળે એટલે પાછું કારણ રૂપ જગત બ્રહ્મ થાય છે. અને જે જગત જુદુ ભાસે છે તે કેવળ ઉપાદીથી અને અજ્ઞાનથી ભાસે છે. નહિ તો આ સર્વ બ્રહ્મ છે.

જુઓ ભાઇ આ બ્રહ્મવાદીના સીદ્ધાન્ત પ્રમાણે જે પ્રાણી કહે છે અથવા માને છે તેના સીદ્ધાન્તમાં ઘણી શંકાઓ થાય છે માટે તે સીદ્ધાન્ત કળીયુગનો ઉત્પન્ન કરેલો ભાસે છે. કેમકે વેદમાં બ્રહ્મને નિર્દોશ, નીર્બાધ, નીર્લેપ, નીરંજન, નીર્શંક, વીગેરે કહેલા છે તેથી તે બ્રહ્મવાદીના સીદ્ધાન્તમાં શંકા થતી હોય ને બાધ આવતો હોય તો તે બ્રહ્મવાદીનું કેહેવું સત્ય નથી એમ સીદ્ધ થશે.

બ્રહ્મવાદમાં શંકા

નાથ કેસે ગજકો બંધ છોડાયો, એ રાગ.

સર્વેક બ્રહ્મ કહેતાં તો શંકા થાયે,
બાધ આવે છે આ મત માંયે. સર્વેક૦—ટેક૦

સર્વ છે બ્રહ્મતો મુને શી કલ્પના, થઈ છે તે કહોકથી,
એકને સુખ દુખ થાય તો અન્યને, કહો કેમ થાતું નથી. સર્વેક ॥ ૧ ॥
એક રડે ને એક હસે છે, એક ગાંડા એક ડાહ્યા,
એક વપુથી વીરકત થાયે તો, બીજી રાખે કોણ કાયા. સર્વેક ॥ ૨ ॥
એક જ્ઞાનીને એક અજ્ઞાની, એક શીષ્ય એક ગુરૂ;
ન થાય હું તું બ્રહ્મ હોયે તો, શું સારૂં ને શું બુરૂ. સર્વેક. ॥ ૩ ॥
કદી કહે શોકે સુખ દુખ હું તું, શુભ અશુભ જે ગાયે;
મન બુદ્ધીની એછે ઉપાધી, અંત કરણની માંહે. સર્વેક ॥ ૪ ॥
અંતઃકરણની ઉપાધી કહોતો, જડરૂપ મન બુદ્ધ આદી;
તે કરતાં ચૈતન્ય કહો તો, દ્વૈત જો અદ્વૈતવાદી. સર્વેક. ॥ ૫ ॥
તેમ છતાં કહો ઉપાધીથી, અન્ય પણ માની લેછે;
તો પણ ઉપાધી શી બીજી વસ્તુ, વસ્તુતો બ્રહ્મજુઠરે છે. સર્વેક. ॥ ૬ ॥
જુદાઇપણું માની લેનારો, તે કોણ બીજો જાગે;
કહેશોકે એનો એ માની લેછે, તો પણ શંકાન ભાગે. સર્વેક. ॥ ૭ ॥
કદી એનો એ માની લેછે તો, હુ આ વીના કયાંથી માન્યુ;
કહેશોકે માન્યુ પણ છે મીથ્યા, મીથ્યા તોહ્યે કેમ જાંણ્યું. સર્વેક. ॥ ૮ ॥
જાંણ્યું તો બ્રહ્મે જ્ઞાનથા જાંણ્યું, હુઆ વીના ન કહેવાયે;
રજ્જુમાં સર્પ ભાસે તો સર્પ, હોયે તો ભાસ્યજ થાયે. સર્વેક. ॥ ૯ ॥
રજ્જુ ઠેકાણે સર્પ નથી પણ, સર્પ હશે તેને ઠામે;
ચ્હાય ત્યાં સર્પ છે તો ત્યાં ભાસ્યો, નહીતો ન ધરાત નામે. સ. ॥૧૦॥
કદી કેહેશો દર્પણમાં જોતાં, બીજું સ્વરૂપ દેખાયે;
પણ તે સ્વરૂપ એકનું એકજ, ઉપાદીમાં બે જણાયે. સર્વેક. ॥ ૧૧
તો પણ ઉપાદી હતી ત્યારે, દીઠું ઉપાધીમાંથી;
મુળમાં ઉપાધી નહોત વસ્તુ, ત્યારે બે દેખત કયાંથી. સર્વેક. ॥ ૧૨ ॥
સૌ બ્રહ્મ કહોછો ને ઉપાધી શાની, વેણ વદેલું વિચારો;
ઉપાદીને બ્રહ્મ બેઉ કહો તો, અદ્વૈતવાદ ન ધારો. સર્વેક. ॥ ૧૩ ॥
સૌ બ્રહ્મ કહો તો નહી પાપ કે પુન્ય, સ્વરગ નરક પણ શાનું;
મોક્ષ અમોક્ષ થઇ ગયો મીથ્યા, તો જ્ઞાનીને શીદ માનું. સર્વેક. ॥ ૧૪ ॥

ઘણા ઘણાં એવા દાખલા દો પણ, શંકા એના એ ઉઠે છે;
વળી વાંચી જોજો વીષેશ શંકા, વલ્લભ પ્રશ્ન પુછે છે. સ. ॥ ૧૫ ॥

આ પદમાં કહેલી શંકાઓ કરતાં પણ ઘણી શંકાઓ છે. જુઓ કે બ્રહ્મવાદીનું કહેવું એવું છે કે જે આ જગત ભાસે છે તે જગત ત્રણ કાળમાં નથી. અને જગત જે ભાસે છે તેજ બ્રહ્મ છે (પરમેશ્વર છે) અને તે પરમેશ્વર સળંગ સુત્ર એક છે એવો બ્રહ્મવાદીનો એટલે અદ્વૈતવાદીનો સીદ્ધાન્ત છે. આ સીદ્ધાન્ત કેવળ ખોટો જુઠો અને કળીનો છે. આ સીદ્ધાન્તમાં ઘણી શંકાઓ થાય છે તેમ ઘણા બાધ આવે છે તેમ બહુ દોશ આવે છે માટે સર્વ જગત છે તે બ્રહ્મ છે તે સંભવતું નથી. કેમકે પરમેશ્વર નીર્બાધ છે તેથી જેમાં બાધ આવે તે પરમેશ્વર નહી. તેમ પરમેશ્વર નીશંક છે એટલે શંકાવાળો નહી, છતાં સર્વ જગત બ્રહ્મ છે એવું કહેવામાં તથા માનવામાં ઘણી શંકાઓ થાય છે માટે તે સર્વ જગત બ્રહ્મ નહી. વળી પરમેશ્વર નીર્દોશ છે તેથી સરવ જગત બ્રહ્મ નહી.

વળી બ્રહ્મવાદીઓ એટલે બ્રહ્મનો વાદ લેનારા જેમકે કોઇ છોકરૂં બીજા છોકરાનો વાદલે છે એમ કહેકે તું જેવો જબરો છે તેવો હું પણ જબરો છું એ પ્રમાણે વાદ લેનારાને અમો બ્રહ્મવાદી કહીએ છીએ

બ્રહ્મનો વાદ લેનારા એવા જે બ્રહ્મવાદી કહે છે કે, શ્રુતી–सर्वं खल्वीदं ब्रह्मः એટલે આ સઘળું જગત છે તેજ નીશ્ચે બ્રહ્મ છે જુઓ ભાઇ અદ્વૈત મતવાળાએ આશ્રુતિનો અર્થ કર્યો છે તે અર્થ કરીને સર્વ જગત બ્રહ્મ છે એમ કહે છે, તે સંભવતુ નથી. કેમકે એ શ્રુતિનો ભાવાર્થ જુદો છે. તેમ છતાં ફકત અર્થ કરીને સર્વ જગત બ્રહ્મ કેહે છે તે અસંભવીત છે. જુઓ કે બ્રહ્મ તો એક છે એમ વેદમાં કહેલું છે શ્રુતિ એકમેવા અદ્વીત્યબ્રહ્મ. તેથી બ્રહ્મવાદી પણ એક છે એમ કેહે છે. ત્યારે સર્વ જગત બ્રહ્મ કેમ કહેવાય? સર્વ એટલે ઘણા હોય તેને સર્વ કેહેવાય છે માટે સર્વ બ્રહ્મ કહેતાં તો ઘણા બ્રહ્મ થયા. કદી એમ કહેશો કે સર્વ મળી એક બ્રહ્મ છે. તો પણ શંકા

થાય છે. જુઓ કે એક શ્રુતિ એમ કહે છે કે, ब्रह्म विद ब्रह्मैव भवति અર્થ બ્રહ્મને જાણુનાર બ્રહ્મ થાય છે. બીજું પ્રમાણ મનુસ્મ્રતિના છઠા અધ્યાનમાં ચુમોતેરમા શ્લોકમાં એમ કહયું છે કે જે પુરૂષ સાક્ષાતકાર બ્રહ્મને ઓળખે છે તેને કર્મનું બંધન નથી આ ઉપરથી એમ જણાય છે કે બ્રહ્મને ઓળખનારો અને બ્રહ્મ એ બે જુદા છે એજ રીતે બ્રહ્મ વીદ બ્રહ્મૈવ ભવતી એટલે બ્રહ્મને જાણુનારો બ્રહ્મ થાય છે માટે બ્રહ્મ અને બ્રહ્મને જાણુનાર એ બે જુદા દીસે છે એટલે બ્રહ્મ જાણુનાર બ્રહ્મથી જુદો થયો. જો જગત બ્રહ્મ હોત તો બ્રહ્મને જાંણુનાર પણુ જગતમાં છે માટે તે પણુ બ્રહ્મ છે તો પછી બ્રહ્મ થવાનો સંભવ રહેતો નથી. તેમ બ્રહ્મ છે તેને બ્રહ્મ થવાનું શ્રુતિ કહે છે તે સંભવતું નથી. બ્રહ્મ થવાનું સંભવતું નથી તો બ્રહ્મ વીદ બ્રહ્મૈવ ભવતિ આ શ્રુતિ ખોટી થાય છે અને જો બ્રહ્મ વીદ બ્રહ્મૈવ ભવતિ આ શ્રુતી ખરી કહીએ તો સર્વં ખલ્વીદં બ્રહ્મ એટલે સરવે જગત નીશ્ચે બ્રહ્મ છે એ શ્રુતિ ખોટી થાય છે કેમકે બ્રહ્મને જાંણુનારો બ્રહ્મ થાય છે તો તે બ્રહ્મ નથી તોજ તેને બ્રહ્મ થવાનું શ્રુતિ કહે તે સંભવે છે. બાકી તો બ્રહ્મ થવાનું કેહેવું તે સંભવતું નથી. જો સંભવે છે એમ કહીએ તો સરવે જગત બ્રહ્મ છે તેવું કેહેવું સંભવતું નથી. વળી સરવે જગત બ્રહ્મ છે તો શંકા થાય છે કે સરવે બ્રહ્મ ત્યારે તો કોઇને જ્ઞાની કે અજ્ઞાની કેહેવા કે માનવા સંભવતા નથી કેમકે વેદમાં બ્રહ્મને જ્ઞાનમય કેહેલા છે તે વિષે પ્રમાણ सत्य ज्ञानमनत ब्रह्म इति श्रुति અર્થ સત્ય અને અનંત જ્ઞાનના ભરેલા એવા બ્રહ્મ છે તો સર્વ બ્રહ્મ છે ત્યારે કોઇ પ્રાણીને અજ્ઞાની કહેવો કે માનવો સંભવતો નથી. અને અજ્ઞાની કહેવો કે માનવો સંભવતો નથી તો કોઇને જ્ઞાન લેવાનું કે જ્ઞાન કરવાનું અથવા થવાનું સંભવતું નથી

વળી બ્રહ્મવાદી (અદ્વૈતવાદી) વેદનુ કહેલું વાકય કહે છે કે અહં બ્રહ્માસ્મિ એટલે હું બ્રહ્મ છું એમ કહે છે ને એમજ માની બીજાને તત્વમસી એટલે તે તું છું. હવે તે તત્વમસી બોધના કરનારને અમો પુછીએ છીએ કે ? તમે બ્રહ્મ છો ને સામાને પણુ એમ કહો છો કે તું પણુ બ્રહ્મ છે. ત્યારે વિચારો કે તમે બ્રહ્મ છો, ને જેને બોધ કરો

છો તે પણ બ્રહ્મ છે, તો પછી એવો બોધ સામાને એટલે બીજાને શા માટે કરવો પડે છે; કેમકે બ્રહ્મ વીના બીજો છે નહી તેમ છતાં કોને બોધ કરો છો. કદી એમ કહેશો કે સામો પ્રાણી બ્રહ્મ છે પણ એને ઘણા કાળનું અજ્ઞાન થયું છે. વાહ ? આ વાત સંભવીત નથી કેમકે બ્રહ્મ તો જ્ઞાનરૂપ છે તેને અજ્ઞાન થયું સંભવેજ નહી તેમ અજ્ઞાન થવાનું કાંઇજ કારણ જણાતું નથી. તેમ જ્ઞાનરૂપને અજ્ઞાન થયું એવું કોઇ પ્રમાણ આપતા નથી તેમ છતાં અજ્ઞાન થયું તે કેમ મનાય.

પદ

કયાંથી આ સંભળાય મધુરસ્વર એ રાગ.

કયાંથી આવ્યું અજ્ઞાન, ઇશ્વરમાં, કયાંથી આવ્યું અજ્ઞાન. ટેક.
આત્મા તે પરમાત્મા છે તો, કીયા કારણ ભુલે ભાન. ઇ૦ ૧
સુર્યમાં અંધકાર કઇ પેર પેઠો, વિચારી લ્યો વિદ્વાન. ઇ૦ ૨
સત્યમાં અસત્ય કદી ન સંભવે, ન્યાય રીતે દો ધ્યાન. ઇ૦ ૩
માયાતીત કેમ સંભવે માયામાં, સમજીલ્યો આસાન. ઇ૦ ૪
જ્ઞાન ને અજ્ઞાન વળગી પડીયું, એવું કેવું તે બળવાન. ઇ૦ ૫
વ્યાસ વલ્લભવદે અદ્વૈત છે તો, કયાં અજ્ઞાન ને જ્ઞાન. ઇ૦ ૬

વારૂ અજ્ઞાન થયું એમ તમારી દંત કથાથી તથા તમારી કલ્પીત કથાથી માનિશું તો પણ શંકા છે કે જેને ઉપદેશ કરો છો તે બ્રહ્મને ઘણા કાળનું અજ્ઞાન થયું હતું તો, પુછીએ છીએ ઘણા કાળનું અજ્ઞાન થયું હતું. તો તે બ્રહ્મ કીયો ને તમને અજ્ઞાન નોહોતુ થયું તે બ્રહ્મ કીયો. શું બે બ્રહ્મ છે ? વળી તેને જ્ઞાન કરો છો; પણ તમો જ્ઞાનના કરનાર બ્રહ્મરૂપ તથા જ્ઞાનરૂપ બ્રહ્મ રહ્યા છો તે તમે જ્ઞાનરૂપ બ્રહ્મ અને જેને અજ્ઞાન થયું છે તે બ્રહ્મ બે થાઓ છો અને બ્રહ્મ તો એક છે એમ કહો છો માટે તમારૂ જે બોલવું છે તે લબાડી જેવું છે.

વળી જેમ સુર્યમાં અંધકાર સંભવતો નથી. તેમ જ્ઞાનમય બ્રહ્મમાં અજ્ઞાન થવું સંભવતું નથી; વળી જ્ઞાનરૂપ બ્રહ્મ હતું તેમાં અજ્ઞાન ફલાણા કારણથી થયું એવું શું પ્રમાણ આપો છો.

વળી જ્ઞાન કરતાં અજ્ઞાન એવું કેવું ઉત્કૃષ્ટ કે જ્ઞાનને અજ્ઞાન કરી નાખ્યું ને અજ્ઞાન કરી નાખ્યું એવું કીયું પ્રમાણ આપો છો. તે જ્ઞાન કરતાં અજ્ઞાન એવું કેવું બળવંત કે જ્ઞાનને અજ્ઞાન કરી નાંખે ! અને અજ્ઞાન જ્ઞાન કરતાં બળવંત છે એવું શું પ્રમાણ આપો છો. વળી પુછીએ છીએ કે તમે બોધના કરનાર અને બોધનો સાંભળનાર તે બંન્ને કાંઇ જુદા બ્રહ્મ છો નહી એકજ છો ત્યારે જે વેળા તમને જ્ઞાન થયું તે વેળા તેને પણ થવું જોઇતું હતું. કદી કહેશો કે તેના અંતઃકરણની ઉપાધી જુદી તો પુછીએ છીએ કે તેનું એટલે કીયાનું.

બ્રહ્મ તો એક છે ત્યારે કીયાના અંતઃકરણની ઉપાધી જુદી છે તે કહો.

વળી પુછીએ છીએ કે અંતઃકરણની ઉપાધી જુદી છે પણ તમારૂ ને તેનું જે ચૈતન્ય બ્રહ્મ તે તો તમે એક છો, માટે તમારા અંતઃકરણની ઉપાધી મટી એટલે તેની મટવી જોઇએ, કારણ કે તમો ચૈતન્યરૂપ એક છો કે જુદા છો ? જો જુદા કહેશો તો બે થયા ને એક કહેશો તો તમે ઉપાધી રહીત થયા તે કીયા ને બીજાનું અજ્ઞાન ચૈતન્ય ઉપાદીમાં અજ્ઞાન રહ્યું તે કીયું ?

કદી એમ દ્રષ્ટાન્ત આપશો કે ઘટાકાશ, મઠાકાશ, મહદાકાશ ઉપાદીઓથી જુદાં છે તેથી જુદાં ભાસે છે પણ આકાશ તો એક છે. તો પુછીએ છીયે કે જુદાં કોને ભાસે છે ને ઉપાદીઓ કોને છે કે જુદુ ભાસે ? તેમ છતાં જેને ભાસે છે તે કાંઇ અજ્ઞાન બ્રહ્મ નથી કે તેને ભાસે, વળી અનંત શાક્તવાન જે બ્રહ્મ તેમાં ઉપાધી સંભવતી નથી કેમકે વેદમાં બ્રહ્મને નીરોપાધી બ્રહ્મ કહ્યા છે માટે તમારૂ બોલવું કેવળ જુઠું છે.

વળી બ્રહ્મવાદીઓ તમે એમ કહો છો કે સોનાના અનંત ઘાટ બન્યા પણ મુદ્દે સોનું છે અને ઘાટ ભાગી જાય એટલે પાછું સોનુંજ બને છે આ તમારા સીદ્ધાન્તથી પુછીએ છીએ કે ઘાટનુ કારણ સોનું ને સોનાનું કાર્ય ઘાટ એ સોનાનો ઘાટ કરનારો ખરો કે નહી. જો ઘાટનો કરનારો કેહેશો તો કોઇ કરતા પુરૂષ ત્રીજો થયો ન કરનારો

નહી કહો તો કારણનું કાર્ય એના આપો આપ થયું સંભવશે નહી તે ઘાટનો વાપરનાર કીયો ને તે ઘાટ ઝારણ વીના બનતો નથી માટે તે ઘાટનું ઝારણ શું ને તે ઝારણ ઘાલનાર કોણ ને તે ઘાટ ભાગ્યો એટલે તે ઝારણ કયાં ગયું. જુઓ કે ઝારણ વીના ઘાટ થયો નથી તે ઝારણરૂપી ઉપાધી તે ઉપાદીરૂપી જે ઝારણ તે સોનું સોધ્યા વીના તે ઘાટમાંથી ઝારણ જતું નથી ને તે ઘાટ મુળ ચોખ્ખું સોનું હતું તેવું ચોખ્ખું સોનુ થતું નથી માટે બોલો તે ઘાટમાંથી ઝારણ કાઢનાર કોણ કે તે ઘાટનું ચોખ્ખું સોનું છે. આ સઘળી શંકાઓનું નિવારણ પ્રમાણેના અધીપતી થયા છો માટે પ્રમાણ સાથે સીદ્ધ કરી આપો.

વળી કેહેશો કે હું બ્રહ્મ છું તો બ્રહ્મની સાથે મારાં તમારાં લક્ષણ મળતાં નથી જો મળતાં હોય તો બતાવો. જેમને રામદાસ બાવાના પંચીકરણ નામના પુસ્તકમાં બકરાનું ને સીંહનું દ્રષ્ટાન્ત આપ્યું છે તેમાં વનના સીંહે બકરાના ટોળાવાળા સીંહને પોતાની સાથે દેહનો આકાર મેળવી આપીને સીંહ છું એમ નીશ્ચે કરાવ્યુ તેમ બ્રહ્મનાં લક્ષણ સાથે અમારા ને તમારા લક્ષણ મેળવી આપો તો તે માનવું યોગ્ય છે.

પહેલું. બ્રહ્મ છે તે સર્વજ્ઞ છે. ને બીજાં સહુ પ્રાણી અલ્પજ્ઞ છે. એમ વેદમાં કહયું છે તેથી સર્વજ્ઞપણું તમારામાંને અમારામાં બતાવો.

બીજું. વેદમાં કહયું છે બ્રહ્મ સર્વના અંતર્યામી છે એટલે સર્વને જાણનાર છે ને અમો તમો તો સર્વને એટલે બીજાને અને પોતાને તથા પોતામાંનાને જાણી શકતા નથી. તેમ પોતાના અંગમાં શું વ્યાધી થયો છે તે પણ જાણતા નથી જો જાણતા હોઇએ તો વઇદને નાડી બતાવવા જવુ પડેજ નહી. પણ જાણી શકતા નથી. તેથી તે લક્ષણ અમારામાં કે તમારામાં બતાવો.

ત્રીજું. વેદમાં બ્રહ્મને આનંદરૂપ કહયા છે. અને સહુ પ્રાણીને તો ઘણા ઘણા પ્રકારના કલેશ છે કોઇને વ્હેવારનો, કોઇને ઉપદેશ લેવાનો, કોઇને ઉપદેશ કરવાનો તેથી આનંદ રૂપનું લક્ષણ મળતું નથી, જો મળતું હોય તો બતાવો.

ચોથું. બ્રહ્મને અવસ્થાતીત કહ્યા છે. અને આપણ તો જાગ્રત સ્વપ્નને શુશુપ્તી આ ત્રણે અવસ્થા ભોગવીએ છીએ.

પાંચમુ. વેદમાં બ્રહ્મને અચળ કહ્યા છે; ત્યારે જુઓ કે બીજા પ્રાણીઓ ત્થા તમો બ્રહ્મ છો તો તમારૂ ચળીત પણુ કેમ છે. ચળીત એટલે મુળ તમો તથા બીજા પ્રાણીઓ જ્ઞાનરૂપ બ્રહ્મ હતા તે જ્ઞાન-થી ચળીને આ દેહમાં અજ્ઞાન રૂપ ગણાવા કેમ આવ્યા આવ્યા એટલે જ્ઞાનરૂપ ચળી અજ્ઞાન રૂપ કેમ થયા. પછી પાછા વિદ્યા ભણીને કહોછો કે અમે જ્ઞાન રૂપ થયા તે તમારૂ ચળીતપણું છે તે પણ તમારાં લક્ષણ બ્રહ્મની સાથે મળતાં નથી.

છઠ્ઠુ. પરમેશ્વરને સર્વ શકતીમાન કહેલા છે; તેવી તમારામાં કે અમારામાં શક્તી બતાવો જુઓ કે પરમેશ્વરની શક્તી વડે સુર્ય ચંદ્ર, તારા, વાયુ, અગની, જળ, વીજળી, વાદળાં, વ્રષ્ટિ, મસ, વીગેરે ઘણા ઘણા કાર્ય થતાં જોવામાં આવે છે ને તમારી શક્તી વડે વગર અગનીએ એક દીવો પણ કરી શકતાં નથી.

સાતમું. પરમેશ્વરના વશમાં સર્વે જગત છે ને તમારા વશમાં તમારૂ શરીરે નથી તેમ ઝાડો પેશાબ પણ તમારા વશમાં નથી. તેમ છતાં તમે આપોઆપ પરમેશ્વર છીએ એવું કહો છો તે કેવળ જુઠું છે આ સઘળી બીના વીવેક વિચારથી જુઓ તો તમારા લક્ષણ બ્રહ્મની સાથે (પરમેશ્વરની સાથે) મળતાં નથી, આવાં તો ઘણાં કારણોથી તમો બ્રહ્મ પરબ્રહ્મ નહી નહી ને નહી

આઠમું. જેમ વનના સીંહે બકરાના ટોળાવાળા સીંહને પોતાના દેહના આકાર સાથે દેહનો આકાર મેળવી આપીને સીંહ છું એમ નીશ્ચે કરાવ્યું. તેમ તમો તથા અમો બ્રહ્મ છીએ તો તમારા તથા અમારા શરીરનો આકાર પરમાત્માના આકાર સાથે મેળવી આપો. જુઓ કે બ્રહ્મ તો અભૌતીક છે ને તમો તથા અમો ભૌતીક શરીરમાં રહેલા છીએ. તેથી તે પણ લક્ષણ મળતું નથી.

હે અદ્વૈતવાદી તમારી બુદ્ધીને આધારે તમે એમ કહોછો કે ત્રણે અવસ્થાને એટલે જાગ્રત, સ્વપ્ન, શુશુપ્તી અવસ્થાને તથા સ્થુ-

ળ, સુક્ષમ, ને કારણ દેહનો તું જે જાણવાવાળો છે તેજ તું બ્રહ્મ (પરમાત્મા) છે. તો કહીએ છીએ કે આ ખોટાં ગાલ ગપોડાં શું કામ ગોઠવો છો જો સમાવસ્થાને જાણવા વાળા હો તો સમ વખતેજ જાણો છો કે હું સ્વપ્નમાં આ બધું કરૂં છું. એમ જાણતા હોતતો સ્વપ્નમાં હર્શકે શોક સ્વપ્ન વખત જાણવાવાળાને થાત નહી. માટે તે સ્વપ્ન વખત તે સ્વપ્ન ને જાણતા નથી વળી કહો છો તું શુશુપ્તીને જાણે છે તે પણ ખોટું છે જો તે શુશુપ્તીને જાણતો હોતતો શુશુપ્તીમાંજ એમ કહેત કે હું ખુબ ઉંઘું છું, પણ તે વખત તે જાણતો નથી તેમ છતાં તમે બ્રહ્મ વાદીઓએ એમ ગોઠવ્યું છે કે જાગીને કહે છે માટે તે જાણતો હતો તે જરા પણ સંભવતું નથી.

વળી એમ કબુલ કરીએ કે હા હું જાંણુવાવાળો છું તેજ હું બ્રહ્મ છું તો મને જાણવાવાળાને લક્ષણ મેળવી આપો.

વળી તમો તથા અમો જાંણુવાવાળા હોઇએ તો આપણી આંખોની પાંપણમાં કેટલા વાળ છે તેજ જાગ્રત અવસ્થાએ જાણતા નથી તો પછી સ્વપ્ન કે શુશુપ્તીમાં જાણવું કેમ સંભવે.

વળી હે બ્રહ્મવાદી તમે અહં બ્રહ્માસ્મિ એટલે હું બ્રહ્મ છું એમ કહો છો ને બીજાને તત્વમસી એટલે તે તું છું એમ કહો છો. જુઓ હવે તમે બ્રહ્મ છો ને તે પણ બ્રહ્મ છે એટલે તમે કહેનારા એક અને જેને કહો છો તે બીજો થયો હે બ્રહ્મવાદી કદી તમે એમ કહેશો કે હું કહેનાર ને સાંભળનાર એ બન્ને એકજ છીએ પણ અધ્યારૂપ કરીએ છીયે તો પુછીયે છીયે કે અધ્યારૂપ કરવું જોઇએ એવું કાંઇ પ્રમાણ બતાવો છો જુઓ કે બીજો નથી ને બીજો કહેવો પડે છે તેજ તમારૂ અધ્યારૂપ છે તો અમો પુછીએ છીયે કે જ્યારે બીજો નથી ત્યારે બીજો કહેવાની શી જરૂર છે જો બીજું નથી ને બીજું છે એવું અધ્યારૂપ ખોટું બોલવું તે તમને સત્યવકતા ને યોગ્ય નથીઃ ત્યારે બીજો નથી કહો છો કોને ? કદી કહેશો કે પોતે પોતાને કહું છું તો કહીએ છીયે કે પોતે પોતાને કહો છો પણ અમને સંભળાવો છો અને અમારા પુછવાથી એમ કહો છો કે પોતે પોતાને કહું છું ત્યારે અમે પુછનાર ને તમો કહેનાર એ બંન્ને જુદા થયા. વળી એક હોઇએ તો જે નીશ્ચય

તમારો છે તેજ અમારો હોવો જોઇયે. કદી કહેશો કે અંતઃકરણ જુદાં છે તો પુછીએ છીયે કે સર્વં ખલ્વીદં બ્રહ્મ નેહના નાસ્તી કીંચન એટલે સર્વ નીશ્ચે બ્રહ્મ છે ને બીજું કાંઇજ નથી ત્યારે અંત કરણ કહેશો તો બ્રહ્મ અને અંતઃકરણ બે થયાં તેમ અંતઃકરણ સીધ્ધ માનશો તો નેહના નાસ્તી કીંચન આશ્રુતી ખોટી થાય છે. આ રીતે તમારા અદ્વૈતવાદીના મતમાં ઘણીજ શંકાઓ છે.

વળી બ્રહ્મવાદી એમ કહે છે કે અંતઃકરણ જડ છે તે બ્રહ્મ ચૈતન્યથી ચૈતન્ય થયું છે બાકી જડ હતું ને અંતઃકરણનો બ્રહ્મ શાક્ષી છે. આ રીતે કહેવાવાળાને પુછીએ છીયે કે હવે જે જડ અંતઃકરણ ચૈતન્યથી ચૈતન્ય થઇને ધર્મ અધર્મનાં કાર્ય કરે છે તેનો ભોકતા કોણ? બ્રહ્મને તો શાક્ષી કહો છો ત્યારે ભોકતા અંતઃકરણ થાય છે જો અંતઃકરણને ભોકતા કહો છો તો પાપ કર્મથી નર્કવાસ અંતઃકરણ ભોગવે છે એમ થયું જ્યારે અંતઃકરણ નર્ક ભોગવે છે ત્યારે તેની સાથે ચૈતન્ય બ્રહ્મ ખરૂં કે નહી? જો સાથે નહી એમ કહેશો તો અંતઃકરણ તો જડ છે ત્યારે તે અંતઃકરણને નર્ક ભોગવ્યાનું સુખ દુખ થવાનું નથી અને ચૈતન્ય બ્રહ્મ સાથે રહે છે એમ કહેશો તો તે બ્રહ્મ નર્કનો ભોકતા થયો ને તેનેજ નર્કના સુખ દુખનો અનુભવ થવાનો કારણ કે જે બ્રહ્મ ચૈતન્ય છે તેજ જ્ઞાનવાન છે માટે તેનેજ અનુભવ થશે. જો આ રીતની આંટી આવવાથી બ્રહ્મને નર્કના ભોકતા કહેશો તો તમેજ નર્ક જવાના છો.

તેમ દેહને વિષે જે સમજનાર જ્ઞાન છે તેણે જે વખત કાંઇ બાબતનું મનન કરવા માંડયું તે વેળા મન કહેવાયું ને ચૈત્વન કરવા માંડયું તે વેળા ચીત્ત કેહેવાયું ને નિશ્ચે કરવા માંડયું તે વેળા બુદ્ધિ કેહેવાઇને કરૂ એમ અહંકાર ધર્યો તે વેળા અહંકાર કેહેવાયો પણ જે સમજનારો છે તેનો તેજ છે તે વીના મન, બુદ્ધિ, ચીત, અહંકાર એવું જે અંતઃકરણ કહે છે તે કાંઇજ નથી તો પછી અંતઃકરણ શાથી કેહેવાયું વળી સૌ પ્રાણી વાચારો કે આપણા દેહમાં એક આપણ સમજનાર છીએ તે વીના બીજું કાંઇ દેહમાં ભાસે છે? જો ભાસતું હોય તો તપાસીને કહો કદીજ બીજું ભાસવાનું નથી શાથી કે બીજું છે નહી ને જે સમજનાર છીએ તેજ છીએ હવે અદ્વૈતવાદી તેજ સમજનારને

બ્રહ્મ કહે છે ને સમજનારથી બ્રહ્મ આ ભૌતીક શરીરમાં જુદો રહ્યો છે એમ પણ કેહે છે. પણ સમજનાર સીવાય બીજું તો કાંઇ ભાસતું નથી. માટે સમજનારથી જુદોને સમજનારની સમીપ બ્રહ્મ આ શરીરમાં રહયો છે એ કહેવું મીથ્યા છે અને સમજનારને બ્રહ્મ કહે છે તો તેના લક્ષણ બ્રહ્મની સાથે મળતાં નથી માટે તેને જે અદ્વૈતવાદી બ્રહ્મ (પરમેશ્વર) કહે છે તે તરછટ ખોટું છે વળી બ્રહ્મવાદી મોક્ષ અમોક્ષને મીથ્યા માને છે. એ તેમનું કહેવું તેમનેજ ફળવાનું છે કેમકે તે બીચારા મોક્ષ પામતાજ નથી પણ તે બ્રહ્મવાદીઓ માયાને મીથ્યા માની તેના ઉપર અરૂચી કરે છે તેથી તે માયાથી મુકત થાય છે પણ તે પોતેજ પરમેશ્વર છીએ ને પોતેજ મોક્ષરૂપ છીએ એટલુંજ તેમણે જાણ્યું છે તથા માન્યું છે તેથી તેમને મોક્ષની પ્રાપ્તી થતી નથી કેમકે તેમને મોક્ષરૂપ જે પરમાત્મા ન્યારા છે એટલે પરોક્ષ છે તેમને તેનું જ્ઞાન થયું નથી તેથી તેનું જ્ઞાન થયા વીના તેમાં તેમનો લક્ષ લાગેલો નથી તેથી તેમને તે પદની પ્રાપ્તી થતી નથી. એટલે તે મોક્ષપદમાં જતા નથી ને કાંઇ માયાથી મુકત થઈને પરમાત્માની ગતીમાં ભટકતા રહે છે તેમાંથી તેમને કોઇવાર માયાની અપેક્ષા થાય છે કેમકે તેમણે માયા જોયેલી છે ને પર્મપદ જાંણેલું નથી તેથી પર્મપદમાં નહી જતાં માયામાં આવે છે એટલે પંચ ભૌતીક માયામાં અવતાર ધારણ કરે છે જો માયાની અરૂચી કરી માયાથી મુકત થાય છે તેનું તેમને મોક્ષપદ પરમાત્મા જે પરોક્ષ છે તેનું જ્ઞાન થયું હોય ને તેમાં તેની લક્ષણા લાગી હોત તો તે મોક્ષપદને પામત પણ તેમની મતી પરમાત્મા જે પરોક્ષ છે તેમાં પહોંચી નથી. તેથી તે પરમપદ પામતા નથી કેમકે મરણે યામતી સાગતી અર્થ મરણ સમયે જેની જ્યાં મતી હોય ત્યાં તેની ગતી થાય છે એટલે બ્રહ્મવાદીની મોક્ષપદ પરમાત્મામા મતી પહોંચી નથી તેથી તે મોક્ષપદ પામતા નથી માટેજ તે બીચારા એમ કહે છે કે મોક્ષ છેજ નહી અને તે પરમાત્માની ગતીમાં ઘણા દીવસ ભટકવાથી થાકીને જે જાંણેલી માયા છે તેમાં તેમના લક્ષ આવે છે તેથી તે પંચભૌતીક માયામાં દેહ ધારણ કરે છે એ રીતે બ્રહ્મવાદીનું કહેવુ બ્રહ્મવાદીનેજ ફળે છે વળી કેહે છે કે દેહમાં સમજનાર જે આત્મા છે તે

મોક્ષરૂપજ છે તેનો મોક્ષ થવો એજ ખોટું છે આ મતવાદીનું કહેવુ એમનેજ ફળવાનું છે કેમકે આ દેહમાં છે તેજ વખતે મોક્ષરૂપ છીએ એમ કહે છે તેવોજ તેમને સદાકાળ દેહો ધારણ કરી કરીને મનથી મોક્ષ માનવાનો છે ને કહેછે કે મોક્ષ થવો એ મીથ્યા છે એ પણ તેમનું બોલવું તેમનેજ તથા તેમના ભક્તોને ફળવાનું છે. કેમકે મોક્ષ માન્યો નથી માટે થવાનોજ નથી.

વળી આ બ્રહ્મવાદીઓ અહં બ્રહ્માસ્મિ કહી તત્વમસીનો બોધ કરે છે તેને અમો પુછીએ છીએ કે આ અહં બ્રહ્માસ્મિ વચન કોનુ છે તો બ્રહ્મવાદીને એમ તો કહેવુ પડશે કે એ વચન વેદનું છે એટલે વેદે કહયુ છે તે ઉપરથીજ અમો બ્રહ્મવાદી ભાઇઓને સમજુત આપીએ છીયે કે અરે બંધુઓ એતો વેદ નારાયણે કહયું છે એવું ગીતાજીમાં જુઓ તે શ્રીકૃષ્ણે ગીતાજીના ત્રીજા અધ્યાયના પંદરમાં શ્લોકમાં કહ્યું છે કે વેદથી કર્મ ઉત્પન થયું છે ને તે વેદ અક્ષર બ્રહ્મથી ઉત્પન થએલા જાણવા. એટલે તે વેદનાં વચનો અક્ષર બ્રહ્મ બોલ્યા છે એટલે અહં બ્રહ્માસ્મી તેમણે કહ્યું છે. તે પોતે પરબ્રહ્મ છે તેથી તે તો કહે તથાપી મુર્ખ જીવો હું પોતે બ્રહ્મ છું કેહે છે. જેમ કોઇ રાજાએ હું રાજા છુ એમ લખ્યું હોય તે કાગળ વાંચીને મુર્ખ માણસ એમ કહે કે હું રાજા છું. અને તેમજમાંની બેસે કે હું રાજા છું. તેવું સમજનારન સમજાવનાર અજ્ઞાન છે.

વળી કોઇ ગુરૂના ઉપદેશથી તમે એમ કહેતા હોતો તે પણ તમારી ભુલ છે કેમકે હાલના બ્રહ્મવાદી ગુરૂઓ કેવળ કળીયુગનો અંશ અને હીરણ્યકસ્યપનો અવતાર છે જેમ હીરણ્યકસ્યપ સર્વ લોકો પાસે પોતાનું નામ સ્મર્ણ કરાવતો હતો તેમ હાલના બ્રહ્મવાદી ગુરૂઓ. ગુરૂ મહારાજા ગુરૂ એવું પોતાનું નામ સ્મર્ણ કરાવે છે તેથીજ એમ સીદ્ધ થાય છે કે હાલના બ્રહ્મવાદી ગુરૂઓ હીરણ્યકસ્યપનો અવતાર છે.

વળી એક શ્લોકમાં **ब्रह्म जानाति ब्राह्मण.** એટલે બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ એમ કહ્યું છે. તેથી વિચાર કરો કે બ્રહ્મને જાંણવાવાળો બ્રાહ્મણ એટલે બ્રહ્મ જુદો થયો ને તે બ્રહ્મ જાંણવાની વસ્તુ થઇ અને

તેમ જે જાણનારો તે જાંણવાની વસ્તુથી જુદો થયો માટે બ્રહ્મ જગતથી જુદો છે

વળી સર્વ બ્રહ્મ છે એ શ્રુતિનો ભાવાર્થ ઘણોજ જુદો છે તે હાલના કળીયુગી બ્રહ્મવાદીઓ નહી સમજતાં સર્વ જગત ઇશ્વર છે એમ ઠેરવી બેઠા છે અને જુદો બ્રહ્મ છે એવું તેમને ભાસતું નથી. જેમકે કુવાનો દેડકો કુવામાંજ આખુ જગત જાણે છે.જે બહાર જગત છે તેને જાંણતો નથી. તેમજ તેણે કુવામાં જગત માંન્યું છે એજ રીતે બ્રહ્મવાદીઓ પરબ્રહ્મને અને પરમ બ્રહ્મને જાંણતા નથી, માટેજ પોતામાં બ્રહ્મ માન્યો છે વળી ગુલ્લર કહેતાં ઉમરડાના જીવ એ ગુલ્લરમાંજ આખું જગત માની બેઠેલા છે કેમકે જેણે બહારનું જગત જોયું નથી તે પોતાના જોયેલાનેજ જગત માને છે. એ રીતે બ્રહ્મવાદીઓએ પરમાત્માને જાંણ્યા નથી તેથી પોતે પરમાત્મા માની બેઠા છે.

જો જગત ત્રણ કાળમાં નથી તો આ જગત બ્રહ્મ છે એમ જગત શબ્દ વાપરવાની શી જરૂર હતી જો જગત છેજ નહી તો આ શ્રુત્તિમાં આ શબ્દ શું કામ નાખ્યો હશે ? અને આ શબ્દ નાખ્યો માટે જગત છે તોજ આ જગત શબ્દ કહેવાયો તેમ છતાં અજ્ઞાની વિદ્વાન બ્રહ્મવાદીઓ જગત છેજ નહી એમ કેવળ મુમતથી કહે છે જુઓ ભાઇ વેદનારાયણે હું બ્રહ્મ છું એમ કહ્યું તેતો પોતે બ્રહ્મ છે માટે બ્રહ્મ છું એમ કહયું અને તે બ્રહ્મ છે માટે હું બ્રહ્મ છું એવું કહેવાનો તેમને અધીકાર છે પણ બીજાને કેહેવાનો અધીકાર નથી તેમ છતાં બીજા પ્રાણીઓ અહં બ્રહ્માસ્મિ કહે છે તે પાપના અધીકારી છે શાથી કે તે પર બ્રહ્મ હોય તો તેમના લક્ષણ પર બ્રહ્મની સાથે મળવાં જોઇએ અને મળતાં નથી માટે તે પર બ્રહ્મ નથી તેમ છતાં અહં બ્રહ્માસ્મિ કેહેવું તે કેવું પાપ રૂપ થાય છે તે જુઓ જેમકે કોઈ પીતા પુત્રને એમ કહે કે હું તારો પીતા છું; એટલે પુત્ર પીતાને પીતાનું સાંભળી કહે કે હું તારો પીતા છું. આ રીતે કહેનારો પુત્ર ઘણા પાપનો અધીકારી થાય છે, કેમકે પીતાજીને તો હું તારો પીતા છું એમ કહેવાનો અધીકાર છે પણ પુત્રને કહેવાનો અધીકાર નથી. એ રીતે વેદ નારાયણ પોતે બ્રહ્મ છે માટે એમ કહે કે હું બ્રહ્મ છું પણ બીજાને હું બ્રહ્મ છું એમ

કહેવાનો અધીકાર નથી તેમ છતાં કહે છે માટે તે પાપના અધીકારી થાય છે.

વળી જેમ ઘુવડને છતે સુર્યે સુર્ય ભાસતો નથી તેમ બ્રહ્મવાદીઓને બ્રહ્મ ભાસતો નથી.

દ્રષ્ટાન્ત એક સુરદાસ (આંધળો) એક ગામની ભાગોળે સાંજની વખતે બેઠેલો હતો, તે સમે એક ખેડુત ખેતરમાંથી ગાંમમાં જવા આવતો હતો તેણે પેલો સુરદાસને દેખીને કહયું કે અરે સુરદાસ ગામમાં ચાલવું હોય તો ચાલો હું લેઇ જાઉં અને હવે દીવસ થોડો છે એટલે સુરદાસે કહયું જા જા મુર્ખ દીવસ છેજ નહી, જો દીવસ હોય તો હું કયમ ન દેખું ! એવું સાંભળી પેલા ખેડુતે કહયું કે તું આંધળો છે તેથી દેખતો નથી. પણ હું તો દેખું છું, એટલે સુરદાસે કહયું જો તું દેખતો હોય તો દેખાડ હું કયાં છું એટલે પેલા ખેડુતે સુરદાસના કપાળ ઉપર આંગળી મુકી કહયું કે તું આ રહયો એટલે સુરદાસે પોતાની જીત મેળવવા કહયું કે તેં આંગળી મુકી તે હું નહી, એ તો કપાળ છે. એટલે ખેડુતે સુરદાસની છાતી ઉપર આંગળી મુકી કહ્યું કે તું આ રહયો, તવ સુરદાસે કહયું કે એ તો છાતી હું નહી. એટલે ખેડુતે સુરદાસના હાથ પર, પગ પર, મોં પર, એ પ્રમાણે ઘણે ઠેકાણે આંગળી મુકી બતાવ્યો તોપણ હઠીલો આંધળો તેવાને તેવા જવાબ આપવા લાગ્યો તેથી દેખતો ખેડુત થાકી બેઠો તે વેળા આંધળાએ કહ્યુ કે જો મુર્ખ તુંજ દેખતો નથી. પછી દેખતા ખેડુતે જીણી બુદ્ધિએ વીચાર કરીને કહયું અરે સુરદાસ હવે મેં તને દીઠો, ત્યારે તે આંધળાએ કહયું કે બતાવ હું કયાં છું ! એટલે દેખતા ખેડુતે હઠીલા આંધળાના મોઢા ઉપર બે ચાર તમાચા લગાવ્યા તે વખતે આંધળાએ બુમ પાડી અરે ભાઇ હું મરી જઉં છું મને શું કામ મારે છે એટલે દેખતા ખેડુતે કહયું કે હું તો મોંઢાને મારૂ છું તને મારતો નથી તવ સુરદાસે કહયું કે મોંઢાને મારે છે પણ મોઢુ તેજ હું છુ માટે મને વાગે છે. એટલે ખેડુતે કહયું કે જો હવે તું મને જડયો કે નહી, સુરદાસે કહયું અરે ભાઇ તેં આજ મને બરોબર હરાવ્યો. બાકી તો હું ઘણાંને ઉપર પ્રમાણે બોલાવામાં જીત્યો છું તવ દેખતા ખેડુતે કહયું

કે છતે અંધાપે તું હઠ કેમ ઝાલતો હતો એટલે આંધળો સુરદાસ કેહે કે જીતવા માટે.

સીદ્ધાન્ત બ્રહ્મવાદીઓ આ આંધળાની પેઠે પર બ્રહ્મને દેખતા નથી એટલે જાણુતા નથી તેથી એમ કહે છે કે પરબ્રહ્મ બીજો છેજ નહી. તેમ દેહ તે હું નહી એવું કહે છે તો મોઢાના ગપોડાં હાંકે છે કેમકે સુરદાસને ચાર ધોલો પડી તે પ્રમાણે ધોલો પડે તો કબુલ કરે કે હા દેહ સહીત હું છું.

વળી બ્રહ્મવાદીઓ વેદ શાસ્ત્રોના વચનને યુક્તિ વડે વીચાર્યા વીના અને વચનોનું સંભવીતપણું સમજ્યા વીના કેવળ વેદ શાસ્ત્રોના વચનને ઝાલી રહે છે તેથી ધર્મની હાની થાય છે.

તે વીષે શ્લોક केवलं शास्त्रं माश्रितो न कर्तव्योहि निर्णयः युक्ति हिन विचारे तु धर्म हानी प्रजायत्, શ્લોકનો મતલબ એવો છે કે કેવળ વેદ-શાસ્ત્રોના વચનને ઝાલી રહી યુકિત વડે વીચારી નીર્ણય કરતા નથી તેથી બ્રહ્મવાદીઓ બ્રહ્મ કોદાળ રહયા છે.

વળી વચનોને પકડી રહેવાથી જેમ મુર્ખોએ જ્યાંને ત્યાં માર ખાધોને મુર્ખ સીદ્ધ થયો. તેમ વેદશાસ્ત્રોના વચનોનો ભાવાર્થ સમજ્યા વીના વચન કાઢે છે તેથી મુર્ખાના દ્રષ્ટાન્તની પેઠે મુર્ખમાં ખપશે

વળી બ્રહ્મવાદીઓ કળીના પ્રવેશેલા કળીમાં કુટાશે પણ બીજા અન્ય લોકો બ્રહ્મવાદીનો મત સત્ય માનશે તો તેમને મોક્ષ પદની પ્રાપ્તિ કોઇ કાળે થવાની નથી. માટે હે મનુશ ભાઇઓ બ્રહ્મવાદ ખોટો, જુઠો, ને કળીયુગનો રચેલો છે. એમ અમો અનુભવ સીદ્ધ કહીએ છીએ. આ વિષે જે કોઇને શંકા થતી હોય અગર રહેતી હોય તેણે આ પુસ્તક રચનારની સાથે શાન્ત વૃત્તિએ સંવાદ કરવો એ વાતની છુટ છે

વળી ચંદ્રકાન્તમાં અદ્વૈતવાદીએ દ્વૈતવાદીની એવી મશ્કરી કરી છે કે, કઠીઆરોને ધ્રાંયજો તે પરમેશ્વરને જુદો જાણે છે તેમના જેવું તમે જાણો છો તેથી તેમની બુદ્ધીમાં ને તમારી મતવાદીની બુદ્ધીમાં શો ફેર છે ? એમ કહી મશ્કરી કરીને દ્વૈતવાદીને બનાવ્યો છે.

પણ આટલી વાત થઇ રહ્યા પછી દ્વૈતવાદીનું કહેવું
હે અદ્વૈતવાદી કઠીઆરો ને ઘાંચજો તે પણ પરમેશ્વરને પા...
જુદો જાણે છે, તેમ માને છે. તે કઠીઆરાને ઘાંચજા કરતાં તમે
અદ્વૈતવાદી એવા કેવા નીચી બુદ્ધીવાળા કે તમારાથી પરમેશ્વર
જુદો છે એમ સમજાતું નથી !! વાહ ! હે અદ્વૈતવાદી તમે પોપટ-
ની પેઠે ભણી ગયા છો, પણ તમને જ્ઞાન નથી. !! એ રીતે અદ્વૈત
વાદીનું બોલેલું ને યુકતી કરેલી તેજ બોલવું તેમને સીર નાંખ્યું
તેમ તેમનિ યુકતી તેમનેજ અંગે લગાડી. એ રીતે અદ્વૈતવાદીનો
સીદ્ધાન્ત અયોગ્ય ઠરાવી દ્વૈતવાદી એ દ્વૈત સીદ્ધ કર્યું, એ વાત
અદ્વૈતવાદીઓ પોતાની મહત્તા રાખવા કોઈ પુસ્તકમાં લખતા નથી
એમ અનુમાન થાય છે

અરે મનુષ્યભાઇઓ આપણ પરમેશ્વર નથી તેમ આપણામાં
પરમેશ્વર નથી જો આપણામાં પરમેશ્વર હોય તો આપણને પાપકર્મ
કરવા દેજ નહી. વળી અહલ્યા સલ્યા થઇ પડી હતી તે રામચંદ્રના ચરણ-
રજોટી અડવાથી તે પાછી સલ્યા ટળીને અહલ્યા થઇ. જુઓ પ્રભુની
રજોટીથી આટલું ફળ થયું તો આપણામાં પરમેશ્વર પુરણ રહેલા
હોય તો આપણ સર્વે પાપી થઇએ ને પાપકર્મ કરીએજ નહી. વળી
સરવે આત્મા છે તે પરમાત્મા છે. તો પ્રલ્હાદના સ્થંભમાંથી પ્રગટ થયા
તે ઇશ્વર કીયા. પ્રલ્હાદ પોતે કેમ નરસીંહરૂપે થયો નહી. વળી ઘણા
ભગ્તોને ભગવાને દર્ષણ દીધાં છે તે ભગ્ત દર્ષણ કરનાર
કીયો ને દર્ષન દેનાર કોણ શું તે બધું જુઠું હશે ?
પરમેશ્વર તો આપણાથી ન્યારો છે (જુદો છે) ને તે સર્વ
શકતીવાન છે, સર્વને જાણવા વાળો સર્વથી સમર્થ છે, તે પરમેશ્વરના
રૂપને, ગુણને, સામર્થને તથા તેમના રહેઠાણને જાણી તેનું હરનીશ રૂડે
પ્રકારે ધ્યાન કરો; તેથી તેના પદની પ્રાપ્તી થશે. કદી કોઇ એમ શંકા
કરશો કે પરમેશ્વરથી આપણ વીજાતી હોઇએ તો પરમેશ્વર સાથે કોઇ
દહાડો ઐક્યતા થાય નહી એટલે મોક્ષ થાય નહી. પણ તે તમારૂ સમ
જવું ભુલ છે. સર્વ આત્મા પરમાત્માની સ્વજાતી છે, પણ પરમાત્મા નથી
જુઓ રાજાને રહીઅત તે બેઉ મનુષ છે. એટલે સ્વજાતી છે. પણ તેમ
કેટલો બધો ફેર છે. રહી અત રાજા થઇ શકે પણ તે રાજા જેટલુ પુરુષા

...ય. મોઢેથી કહે કે હું રાજા છું. અથવા મનથી માની
- હું રાજા છું. તે સમજવું અજ્ઞાનનું છે.

તેમ છતાં આ પંચ ભૌતીક દેહ જે માયાનો તે માયામાં મીશ્રીત રહ્યા થકા હું બ્રહ્મ છું એમ કહેવું, જાંણવું ત્થા માનવું તે અયોગ્ય છે. જેમકે કોઇ સારા શાહુકાર કેદમાં હોય કેદીના લુગડાં પહેરેલાં હોય વળી હાથ પગમાં બેડીઓ પડેલી હોય તેમ છતાં એમ કહે કે હું શરાફ છું, શાહુકાર છું નિષ્કલંકી છું, વિગેરે શબ્દો બોલે તેથી તેને શાહુકાર માને એતો કેવળ ભોટ, મુર્ખ અને અજ્ઞાન હોય તેજ તેનું કહેવું કબુલ કરે.

વળી ઘણી વિદ્યા ભણવાથી ઘણાએક લોકો ગાંડા થઈ જાય છે તે ગાંડા એમ કહે છે કે સૌનો રાજા હું છું બીજા રાજાઓ મારિ સત્તા નિચે રાજ્ય કરે છે એવા શબ્દો બોલે તેથી ડાહ્યો ને બુદ્ધીશાળી પુરૂષ તેનું બોલ્યું માન્ય કરે નહિ અને વિચાર કરશે કે જો આ બોલનારો રાજા હોય તો રાજાની કેટલીક સાહીત્યમાંનિ કાંઇ પણ થોડીક સાહિત્ય આનિ પાસે હોવી જોઇએ આમ વિચાર કરિ ગાંડા થઇ ગયેલા વિદ્વાનનું બોલ્યું ડાહ્યા અને બુદ્ધિશાળી પુરૂષો માન્ય કરતા નથી. પણ અણસમજુ ત્થા શબ્દોના અવીચારી હોય તેજ બોલનો તોલ કર્યા વિના બોલને ગ્રહણ કરે છે.

વળી બોલનો તોલ કરવો તે વીચારવંતોનું કામ છે માટે હે મનુશભાઇઓ ફકત એકલા શાબ્દ પ્રમાણ ઉપર ધોરણ રાખવું ને પ્રતક્ષ, અનુમાન, ઉપમાન પ્રમાણને વીચારવું નહી તે કેવળ અજ્ઞાનતા છે. કેમકે કેટલાક વેદ વચનો, તથા શાસ્ત્રો તથા પુરાણોના લખેલા પ્રમાણો એક બીજાથી વીરૂદ્ધ અને જેમાં જેવી જોઇએ તેવી પુષ્ટિ આપે તેવાં ઘણાં છે માટે એકલા શાબ્દ પ્રમાણ ઉપર રહેવાથી ધર્મની હાની થાય છે તે વિષે આગળ કહી ગયેલા છીએ તેમ અખો ભકત પોતાની વાણીમાં એમ કહી ગએલા છે કે.

શાસ્ત્રે શાસ્ત્રના જુજવા મતા,
પેંદો તેણે ખાધા ખતા;

અખો કહે અંધારો કુવો,
ઝઘડો ચુકવી કોન મુવો.

માટે શાબ્દ પ્રમાણોના વચનોનો વાચાર કરશો તો સવળાં સમજાશે ને વીચાર નહી કરોતો સઘળું કર્તવ્ય અવળું થશે.

વળી જુઓકે આપણા હીંદુઓમાં ઘણોક ભાગ પરમેશ્વરને પરોક્ષ માને છે તેમજ શ્રાવક, પારસી, ઈંગ્રેજ વીગેરે પરોક્ષ માને છે. તેમ દીન મતવાળા કહેછે–.

આદમકુ ખુદા મત કહો, આદમ ખુદા નહી;
લેકીન ખુદાકે નુરસેં, આદમ જુદા નહીં.

આ વીગેરે સઘળાનો વીચાર કરીને પોતે પરમેશ્વર છીએ એવો મત મુકીને પરમેશ્વરને પરોક્ષ જાણી તેના પદને પામવાની ચાહના રાખો.

કોઈ નીર્ધન મનથી અથવા કોઇના કેહેવાથી એમ માની લેકે હું ધનવાન છું. ધનવાન છું એમ માની ધંધો મુકી દે તો તરતજ ભીખ માગે. ને ધંધો કરે તોજ તે ધનવાન થાય. તેમ હુંજ પરમાત્મા છું, એમ માની પરમાત્માનું ધ્યાન ન કરે તો તે પરમાત્માના પદને પ્રાપ્ત કરી શકે નહી તેમ તેને તે પદ પ્રાપ્ત થાય પણ નહી. માટે બ્રહ્મવાદ ખોટો છે ને બ્રહ્મજ્ઞાન ખરૂ છે. માટે ધર્મકર્મમાં સાવધ રહો.

આત્મ ચૈતન્યનું નામ બ્રહ્મ છે. તે માયા વશીષ્ટનું નામ પરબ્રહ્મ છે. ને તે બેઉથી ન્યારાનું નામ પુરણ બ્રહ્મ છે. તેથી બ્રહ્મરૂપ બનીને પુરણબ્રહ્મની ભગ્તી ભજન કરો. શાન્તી શાન્તી. શાન્તી.

કુંડળીઆ.

બ્રહ્મજ્ઞાની કોને કહું, હોય બ્રહ્મનું જાંણ;
જાણ્યો હોય તો પુછીએ, આપો સૌ એધાણ.
આપો સૌ એધાણ, બ્રહ્મ કેવો ને કયાં છે;
સાકાર નીરાકાર, સત્ય શું તે બેમાં છે.
બ્રહ્મ ઘણા કે એક, એક જો લેશો માની;
તવતો તે સાકાર, વ્યાસ કે જો બ્રહ્મજ્ઞાની.

બ્રહ્મજ્ઞાની થૈ બેસતા, કહે બ્રહ્મને એક;
નીરાકાર કે' બ્રહ્મને, ત્યાં જુઓ વિવેક.

" ત્યાં જુઓ વિવેક, માપની જે ચિજ હોયે;
તેની ગણત્રી ગણાય, આંકડા કે' સૌ કોયે.
અંક તણો આકાર, થયો ધ્યાનજ દો ધ્યાની;
કે'છે વલ્લભરામ, સાર સમજો બ્રહ્મજ્ઞાની.

સમાપ્ત.

આટલુ વાંચોજી.

છપ્પો.

વરસોડાનો વિપ્ર, વસુ અમદાવાદ વાસે;
ચુનીગમ રવીદત્ત, કરી કરૂણા અવિનાશે.
વ્યાસજીનો મેળાપ, પુરવના પુન્યે મળિયો;
અર્પ્યું અવિચળ જ્ઞાન, જનમ મૃત્યુથી ટળિયો
ફરી વળ્યો અનત પથમા, પણ શાન્તી પામ્યો નહી,
પાક્ષમાર્ગિ શીશ એમનો, ભ્રમણા કૈં પણ નવ રહી. ॥ ૧ ॥

હું જાની ચુનીરામ રવિદત્ત પરોપકારાર્થે લખુછુ કે મેં ઘણા ઘણા સપ્રદાયો જોયા તેમ ઘણા ઘણાની સાથે સમાગમ કર્યો પણ તેમા આત્માનુ ને મોક્ષરૂપ પરમાત્માનું, નીર્બાધ નીશંક, નીર્લેપ, નીર્દોશવાળુ યથાર્થ જ્ઞાન કોઈ સંપ્રદાયમા કે કોઇના સમાગમમા દીઠું નહી પણ મ્હારા પુર્વના પ્રારબ્ધયોગે કરીને, માહા જ્ઞાનવાન પરબ્રહ્મનિષ્ટ મહારાજશ્રી વ્યાસજી વલ્લભરામનો મને સમાગમ થયો તેથી હુ અભયપદ શાન્તવ્રત્તીને પામ્યો તેમજ તેઓશ્રી ઉપદેશે ગામ પરગામના કેટલાક લોકો અભયવૃત્તીને પામેલા માલમ પડયા છે. વળી આ મહારાજના જ્ઞાનરહસ્યનો જેને અનુભવ છે તેજ તેમને જાણે છે વળી આ માહારાજ જ્ઞાનવાનપણુ જગતમા દરસાવવાને જરા પણ ઇચ્છતા નથી તેમ ગુરૂપદવીના નામથી પોતે ઘણા કંટાળે છે વળી તેમનો ઉપદેશ પામેલા તેમના પુત્ર નટવરલાલનું મર્ણ થયું તે અમોએ ઘણું ચમત્કારી જોયુ તેથી અમોને પુર્ણ ખાત્રી થઇ છે

હાલના કળયુગના પ્રવાહે કરીને ધર્મ માર્ગમા પાખંડને પપ્રચ તથા વેદશાસ્ત્ર વિગેરેમાં અવળી સમજ બહુ ચાલી રહી છે તે પાખડ પ્રપંચનુ ત્થા અવળી સમજનું આ માહારાજશ્રી ખરી રીતે ખંડન કરી વેદશાસ્ત્રના વચનનો ભાવાર્થ તે પોતે સવળો સમજીને સર્વને સવળો ભાવાર્થ સમજાવી અનુભવ સિદ્ધ કરાવે છે.

આવા નીર સંશય જ્ઞાનનો ઉપદેશ કરનારા ત્થા પરમેશ્વર સબંધી મોક્ષમાર્ગની શકાઓનું સમાધાન કરનારા કોઇકજ હશે.

જો કે આ અસાર સસારમાં સમાગમ કરનાર મનુષ્યનો જન્મ મૃત્યુનો ફેરો ટળી મોક્ષપદને પામે તેજ મોક્ષમાર્ગનું જ્ઞાન પરમાત્માએ આ વ્યાસજીનેજ બક્ષીસ કરેલુ હોય એમ અમો વિગેરેને પુર્ણ અનુભવ થયા છે.

ગ્રાહકોને

જાહેર ખબર.

મહારાજશ્રીનાં બનાવેલાં જ્ઞાનમય પુસ્તકોનું લીસ્ટ.

પુસ્તકનાં નામ.	કીંમત.	પોસ્ટ ખરચ.
ભાવાર્થ પ્રકાશ.	૧—૮—૦	૦—૪—૦
મોક્ષમારગી ભગવદ્દગીતા.	૦—૧૨—૦	૦—૧—૬
વલ્લભ પદમાળા.	૦—૧૪—૦	૦—૧—૬
વચનવલ્લભ	૦—૧૩—૦	૦—૧—૬
વલ્લભ નિધી.	૦—૭—૦	૦—૧—૦
શંકા સમાધાન. } ન્યાય વલ્લભ. }	૦—૧૦—૦	૦—૨—૦
બ્રાહ્મણ શુદ્રનો સંવાદ.	૦—૨—૦	૦—૦—૬
ત્યાગ તારણ.	૦—૧—૦	૦—૦—૬
વય વીચાર	૦—૧—૦	૦—૦—૬
ધર્મ ચાનક.	૦—૧—૦	૦—૦—૬
જ્ઞાનગોળી.	૦—૧—૦	૦—૦—૬
શીવર્ધી શંકા	૦—૧—૦	૦—૦—૬
શીવર્ધી શંકાનું સમાધાન.	૦—૧—૦	૦—૦—૬
પ્રણવપટ નાનો	૦—૧—૦	૦—૦—૬
પ્રણવપટ જાડો મોટો	૦—૧—૦	૦—૦—૬
પ્રણવપટ મોટો	૦—૨—૦	૦—૦—૬
ત્યાગીના પત્રો.	૦—૦—૬	૦—૦—૬
મહારાજશ્રીની છબી	૦—૦—૬	૦—૦—૬
૫૦ ચેતવણીની ચોપડી.	૦—૮—૦	૦—૨—૦
વાણી વલ્લભ છપાય છે.		
વલ્લભ નિતી છપાતી છે.		

ઉપર લખેલ પુસ્તકમાંથી જે પુસ્તક મગાવો તે પુસ્તકના પોષ્ટ ખરચ માટે ઉપરની ત્રીજી લાઇનમાં લખ્યા પ્રમાણે પોષ્ટ ખરચ અને દરેક વી. પી. એક પુસ્તકની કે વધારે પુસ્તકની હશે તેના ઉપર રજીષ્ટરના બે આના ગણીને પોષ્ટની ટીકીટો પુસ્તક મગાવનાની સાથે બીડી દેશો તો પછી પુસ્તકો મોકલવામાં આવશે ને જે ચોપડીની પુસ્તકની કીંમત સહીતની ટીકીટો પોષ્ટેજ છ છ પાઇ છે તે પરબીડીઆમાં વાળી પ્રથમથી મોકલશો એટલે તે મોકલવામાં આવશે તે વિના મોકલવામાં આવશે નહીં.

an

લી.

રમુજીલાલ વલ્લભરામ.